# મુંબઈ સમાચાર ★

R.N.I. No. 1563/1957

મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 61 ■ પુસ્તકઃ ૧૯૭ ■ અંકઃ ૧૬૪ ■ નિજ જયેષ્ઠ વદ - ૧૪
■ વિક્રમ સંવત ૨૦૭૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 July 2018, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૧૨ જુલાઈ, ૨૦૧૮ (૧૦ + ૮ પાનાં લાડકી) કિંમત ₹ ૭.૦૦



૭ કનુભાઈ કલસારિયા કૉંગ્રેસમાં જોડાઇ ગયા





૧૦ ખેડૂતોને મત બૅન્ક તરીકે વાપર્યા કૉંગ્રેસેઃ મોદી




# તાજને જાળવો અથવા તોડી નાખોઃ સુપ્રીમ



## ▸તાજમહલની ભવ્યતાના જતનમાં આળસ દેખાડતી કેન્દ્ર, યુપી સરકારને અદાલતે ઝાટકી નાખી

*નવી દિલ્હીઃ* સર્વોચ્ચ અદાલતે સરકારને બુધવારે જણાવ્યું હતું કે ઐતિહાસિક તાજમહલની પ્રાચીન ભવ્યતા ફરી પ્રસ્થાપિત કરો અથવા તેને તોડી નાખો.

સર્વોચ્ચ અદાલતે તાજમહલની ભવ્યતાને જાળવવા માટે કેન્દ્ર, ઉત્તર પ્રદેશ સરકાર અને વિવિધ સત્તાવાળાઓની 'આળસ' અને 'બેપરવાઇ'ની આકરી ટીકા કરીને ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

ન્યાયાધીશ મદન બી. લોકુર અને ન્યાયાધીશ દીપક ગુપ્તાની બૅન્ચે જણાવ્યું હતું કે સરકાર તાજમહલને બંધ કરી શકે છે અથવા તોડી પણ શકે છે.

તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ સરકારને આ ઐતિહાસિક ઇમારતની ચિંતા નથી જણાતી. સરકારે તેની જાળવણી માટે કોઇ યોજના હજી રજૂ નથી કરી. તમે તેની ભવ્યતા ફરી પ્રસ્થાપિત કરો અથવા તેને તોડી નાખો. સર્વોચ્ચ (જુઓ પાનું ૬) ▸▸

## તાજ કરતા આઠ ગણા સહેલાણી એફિલ ટાવર જોવા માટે જાય છેઃ કૉર્ટ

*નવી દિલ્હીઃ* સુપ્રીમ કૉર્ટે જણાવ્યું હતું કે તાજમહલ હોવા છતાં પ્રશાસનની જડતા અને લાપરવાહીને લીધે ભારત પ્રવાસીઓ અને વિદેશી હૂંડિયામણ ગુમાવી રહ્યું છે, તાજમહલ કરતા એફિલ ટાવર આઠ ગણાં વધુ પ્રવાસીઓ આકર્ષે છે.

તાજમહલ અને એફિલ ટાવરની સરખામણી કરતા જસ્ટિસ મદન બી. લોકુર અને દિપક ગુપ્તાની ખંડપીઠે જણાવ્યું હતું કે તાજમહલની સરખામણીએ એફિલ ટાવર કશું જ નથી, પણ ગયા વર્ષે તાજમહલ જોવા એઠ કરોડ પ્રવાસીઓ પહોંચ્યા હતા. તમે તાજને નષ્ટ કરી શકો. અમે એવું કરવા નથી માંગતા.

કૉર્ટે કેન્દ્ર સરકારની જાટકણી કાઢતા કેન્દ્ર સરકાર તરફથી હાજર થયેલા એએસજી એ. એન. એસ. નાડકર્ણીને સવાલ કર્યો હતો કે વિદેશમાં લોકો નાણાં કમાય છે, પણ અહીં એની કોઇ પરવા નથી કરતું. આવી લાપરવાહીથી (જુઓ પાનું ૬) ▸▸

# થાઇ છોકરાઓને બેહોશ કર્યા પછી તેમને સ્ટ્રેચર પર ઊંચકીને ગુફામાંથી બહાર લવાયા



**હામને સલામઃ** થાઈલૅન્ડની ગુફામાંથી બચાવી લેવાયેલા ૧૨ છોકરાને હાલ હૉસ્પિટલમાં રાખવામાં આવ્યા છે. તેમનો મિજાજ જરાય મોળો નથી પડ્યો અને તેમનો જુસ્સો હજી અકબંધ છે. હૉસ્પિટલના બિછાનેથી વિક્ટરીની સાઇન દેખાડી રહેલો બાળક.

*માએ સાઇઃ* થાઈલૅન્ડમાં પૂરના પાણી અને ગુફામાં સપડાઇ ગયેલા એક ડઝન છોકરાને દિલધડક રાહત અને બચાવ કામગીરીમાં ઉગારી લીધા બાદ બે સપ્તાહની શારીરિક અને માનસિક વેદનાનો થોડીક ઘણી અંત આવ્યો હતો. દિવસો સુધી ફસાઇ ગયેલા હતપ્રભ થયેલા અને આઘાત અનુભવતા બાળકોને આરામ અને ખાસ ચિકિત્સાની આવશ્યકતા છે. જોકે આ ૧૨ છોકરાઓના બચાવનો બહાર આવેલો પહેલો વીડિયો ઘણો જચોંકાવનારો છે અને એ મુજબ આ છોકરાઓને બેહોશ કરીને સ્ટ્રેચર પર સુવડાવીને ગુફાના વાંકાચુકા રસ્તાઓમાંથી મરજીવાઓએ બહાર સુખરૂપ કાઢ્યા હતા. આટઆટલું વીત્યાં છતાં પણ તેમની માનસિક સ્થિતિ પ્રમાણમાં ખૂબ ખૂબ સારી છે, એમ જાહેર (જુઓ પાનું ૬) ▸▸

# ૬. ગુજરાતમાં મેઘતાંડવ

## ▸બારડોલીમાં ૧૦.૫, નવસારીમાં ૮ ઇંચ

*અમદાવાદઃ* દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલા મેઘરાજા બુધવારે મન મૂકીને વરસ્યા હતા. બારડોલીમાં ૧૪ કલાકમાં ૧૦.૫ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે નવસારી જિલ્લામાં નવસારી શહેરમાં ૮ ઇંચ અને વલસાડ જિલ્લામાં ધરમપુરમાં ૬ ઇંચ વરસાદ નોંધાયો હતો. નવસારી અને જલાલપોરમાં ભારે વરસાદના પગલે પ્રાથમિક શાળામાં રજા જાહેર કરવામાં આવી હતી. વલસાડમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે મધુબન ડેમમાં ૪૭,૩૯૩ ક્યૂસેક પાણીની આવક થઇ હતી, જેના કારણે ૪ દરવાજા ખોલવામાં આવ્યા હતા. આ ડેમમાંથી ૩૩૧૬૮ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું. મધુબન ડેમ છલકાતા અહીં આવેલી ગંગા નદી બે કાંઠે વહેવા લાગી હતી. બારડોલીમાં બે (જુઓ પાનું ૬) ▸▸

# 'વ્યભિચાર કાયદો રદ થયો તો લગ્નપ્રથા પડી ભાંગશે'

## ▸કેન્દ્રની સુપ્રીમ કૉર્ટને ચેતવણી

*નવી દિલ્હીઃ* કેન્દ્રે બુધવારે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે અન્ય પુરુષની પત્ની સાથેના લગ્નેત્તર સંબંધ બાંધનારા માત્ર પુરુષને જ વ્યભિચાર બદલ સજા કરવાની જોગવાઇ ધરાવતી ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૭ને રદ કરવાથી લગ્નપ્રથાનો નાશ થશે.

ગૃહ મંત્રાલયે વ્યભિચારને દંડાત્મક ગુનો ગણતી ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૭ની યોગ્યતાને પડકારતી અરજીને કાઢી નાખવાની વિનંતિ સર્વોચ્ચ અદાલતમાં નોંધાવેલા સોગંદનામામાં કરી હતી અને દાવો કર્યો હતો કે કાયદાની આ કલમ લગ્નપ્રથાને ટેકો આપે છે અને તેનું રક્ષણ કરે છે.

તેણે જણાવ્યું હતું કે ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૭ અને સીઆરપીસીની કલમ ૧૯૮ (૨)ને રદ કરવાથી લગ્નપ્રથાની પવિત્રતાને નુકસાન પહોંચશે. ભારતીય સમાજમાં લગ્નને ઘણું મહત્ત્વ અપાય છે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૭માં સુધારા કરવાની બાબતમાં કાયદા પંચના અંતિમ અહેવાલની રાહ જોવાઇ રહી છે.

તેણે જણાવ્યું હતું કે વ્યભિચારને ગુનો નહિ ગણવામાં આવે તો તેનાથી લગ્નપ્રથા નબળી પડી શકે છે. ભારતીય દંડસંહિતાની કલમ (જુઓ પાનું ૬) ▸▸




Mumbai : 24467058, Princess Street : 22402554, 22080095, Mazgaon : 23719510 Andheri : 26282627, 26716964, Kandivali : 66717389, 28677535, Malad : 28425962, Bhayandar (w) : 28199843, Virar : 0250-2529922, Mulund : 25644408,25938245, Thane : 25445512, 25427382, 25374121, Dombivali : 0251-2800264, Ambernath : 0251-2601655, Navi Mumbai : 27894144


# અકુદરતી સેક્સ ગુનો છે કે નહીં એ સુપ્રીમ કૉર્ટ જ નક્કી કરેઃ સરકાર

*નવી દિલ્હીઃ* કેન્દ્રે પુખ્તવયની બે વ્યક્તિ વચ્ચેના સંમતિથી બંધાયેલા અકુદરતી જાતીય સંબંધને ગુનો ગણતી ભારતીય દંડસંહિતા (આઇપીસી)ની કલમ ૩૭૭ની યોગ્યતા અંગે નિર્ણય લેવાનું કામ બુધવારે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની વિદ્વતા પર છોડ્યું હતું.

સંમતિથી બાંધવામાં આવેલા સજાતીય સંબંધને ગુનો ગણાવતા ૨૦૧૩ના ચુકાદાને પડકારતી અરજીઓની સુનાવણી મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાના નેતૃત્વ હેઠળની પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચ કરી રહી છે.

કેન્દ્રે બૅન્ચને જણાવ્યું હતું કે ભારતીય દંડસંહિતાની કલમ ૩૭૭ની યોગ્યતા અંગે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો નિર્ણય લે તો તેની સામે અમને (કેન્દ્રને) કોઇ વાંધો નથી.

કેન્દ્રના વકીલ એડિશનલ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બૅન્ચને સુનાવણીના બીજા દિવસે (જુઓ પાનું ૬) ▸▸

# સરકારી નોકરીઓમાં એસસી-એસટી ક્વૉટાઃ બંધારણીય બૅન્ચ સમીક્ષા કરશે

*નવી દિલ્હીઃ* સરકારી નોકરીઓમાં બઢતી આપવા એસસી/એસટી કૅટેગરીમાં આરક્ષણ માટે 'સવર્ણો'ની અરજી પર ૨૦૦૬ના ચુકાદાની વિરુદ્ધ વચગાળાનો આદેશ આપવાની સુપ્રીમ કૉર્ટે ના પાડી હતી.

મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા અને ન્યાયાધીશ એ એમ ખાનવિલકર અને ડી વાય ચંદ્રચૂડની ખંડપીઠે જણાવ્યું હતું કે એમ. નાગરાજે ૨૦૦૬માં આપેલા ચુકાદાની વિચારણા સાત ન્યાયાધીશની બંધારણીય ખંડપીઠ સમક્ષ કરવાનું જરૂરી છે.

કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા ઍટોર્ની જનરલ કે કે વેણુગોપાલે જણાવ્યું હતું કે (જુઓ પાનું ૬) ▸▸

# ગુજરાતની શાળાઓને પખવાડિયામાં ફીનો પ્રસ્તાવ રજૂ કરવા સુપ્રીમનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* રાજ્યમાં ફી નિયમન મામલે સુપ્રીમ કોર્ટે બે સપ્તાહમાં ફીનો પ્રસ્તાવ રજૂ કરવા આદેશ આપ્યો છે. કોર્ટે ૧૮૬૩ શાળાઓએ ફીનો પ્રસ્તાવ ન આપ્યો હોવાથી આ આદેશ આપ્યો છે. જો પ્રસ્તાવ નહીં આપે તો તેના પર પગલાં પણ લઈ શકાશે. રાજ્યની ૧૬૦૦૦ સ્કૂલ પૈકી ૧૮૬૩ સ્કૂલે ફીનો પ્રસ્તાવ આપ્યો નથી. ગુજરાત સરકાર દ્વારા પત્ર લખી શાળાઓને જાણ (જુઓ પાનું ૬) ▸▸

